**તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૨ ટકા ● સાંજે ૧૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮ | ૩૦ માર્ચ, ૨૦૧૬, બુધવાર ; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- **પાકિસ્તાની તપાસ ટુકડી દ્વારા બેઝ ઉપર તપાસ કરાઈ**
- **ફ્લોર ટેસ્ટના હુકમને કેન્દ્ર પડકાર ફેંકી શકે**
- **બજારમાં મંદી યથાવતઃ વધુ ૬૬ પોઇન્ટનો ઘટાડો, વેપારી નિરાશ**
- **મુંબઈ બ્લાસ્ટ કેસમાં ૧૦ને અંતે અપરાધી જાહેર કરાયા**
- **હવે વીરભદ્રસિંહની ધરપકડના ભણકારા : સઘન પુરાવા મળ્યા**
- **કોંગ્રેસે આસામમાં ૧૫ વર્ષથી શાંતિ જાળવી છે : રાહુલ ગાંધી**
- **પ. બંગાળમાં માત્ર બોંબની ફેક્ટરીઓ જ બની રહી છે : અમિત શાહ**
- **ભારતમાં આતંક મચાવવા માટે હિજબુલને જંગી નાણા સહાય**
- **ઇંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડ વચ્ચે આજે દિલ્હીમાં ટ્વેન્ટી-૨૦ જંગ થશે**

# ઉત્તરાખંડમાં ૩૧મીએ ફ્લોર ટેસ્ટનો આદેશ

**ઉત્તરાખંડમાં રાજકીય ઘટનાક્રમમાં હાઈકોર્ટના ચુકાદાથી નવો વળાંક : હાઈકોર્ટના ચુકાદાથી હરિશ રાવત સહિત કોંગ્રેસની છાવણીમાં રાહતનું મોજુ ફેલાયું : બહુમતિ પુરવાર કરવા માટે રાવત આશાવાદી છે**

દેહરાદૂન,તા. ૨૯

ઉત્તરાખંડ હાઈકોર્ટે ૩૧મી માર્ચે રાજ્ય વિધાનસભામાં ફ્લોર ટેસ્ટનો આજે આદેશ કર્યો હતો. તમામ ધારાસભ્યોને આમા ભાગ લેવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે. આની સાથે જ જે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યું છે તે ઉત્તરાખંડમાં રાજકીય ઘટનાક્રમોમાં નવો વળાંક આવી ગયો છે. ઉત્તરાખંડ હાઈકોર્ટે ફ્લોર ટેસ્ટનો આદેશ કરતા કોંગ્રેસને આંશિક રાહત થઈ છે. ગૃહમાં જુદી જુદી પાર્ટીઓની સ્થિતિ શુ છે તે જાણવા માટે આ આદેશ કરવામાં આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, આ ફ્લોર ટેસ્ટ ૩૧મી માર્ચના દિવસે સવારે ૧૧ વાગે થશે. ઉત્તરાખંડ વિધાનસભાના સ્પીકર દ્વારા અગાઉ જે કોંગ્રેસી બળવાખોર નવ ધારાસભ્યોને ગેરલાયક ઠેરાવવામાં આવ્યા હતા તેમને પણ ફ્લોર ટેસ્ટમાં ભાગ લેવા માહિતી આપવામાં આવી છે. જો કે તેમના વોટ અલગ રાખવામાં આવશે. વધુમાં સ્પીકરને પણ ફ્લોર ટેસ્ટના પરિણામ જાહેર નહીં કરવા માટે કહેવામાં આવ્યું છે. કારણ કે આ કવાયતનો મુખ્ય હેતુ રાજ્ય વિધાનસભામાં કઈ પાર્ટી પાસે કેટલી સંખ્યા છે તે જાણવા માટે કરવામાં આવી રહ્યો છે. કઈ પાર્ટી પાસે બહુમતિ છે તે અંગે મોડેથી નિર્ણય લેવામાં આવશે. અધ્યક્ષને સીલ કવરમાં કોર્ટ સમક્ષ પરિણામો મુકી દેવા પડશે. નૈનીતાલ હાઈકોર્ટના રજિસ્ટ્રારને ફ્લોર ટેસ્ટના સંચાલન માટે તથા નજર રાખવા માટે નિરીક્ષક તરીકે મોકલી દેવાનો આદેશ કરાયો છે. કોર્ટનો આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના નિર્ણયને પડકાર ફેંકીને અરજી દાખલ કરી હતી. કોર્ટના આદેશ બાદ પત્રકાર પરિષદમાં બોલતા કોંગ્રેસના નેતા અને હરિશ રાવતના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, હાઈકોર્ટે આ બાબતની નોંધ લીધી છે કે, રાષ્ટ્રપતિ શાસન છે પરંતુ ફ્લોર ટેસ્ટને મંજુરી પણ આપી છે.

માત્ર સભ્યોની લેવડદેવડ ચકાસવા અને સભ્યોના આંકડા જાણવા આ આદેશ કરાયો છે. સિંઘવીએ કહ્યું હતું કે ગેરલાયક જાહેર થયેલા ધારાસભ્યોના મતને અલગ રાખવામાં આવશે. મુખ્યમંત્ર હરિશ રાવત દ્વારા રાષ્ટ્રપતિ શાસન લાદવાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીના અંતિમ પરિણામ વેળા આની જાહેરાત થશે.

## ઈજિપ્ત વિમાન હાઈજેક ડ્રામા પૂર્ણ : તમામને મુક્ત કરાવાયા

**અપહરણકારની ધરપકડ : ત્રાસવાદ સાથે સંબંધિત ઘટના હોવા ઇન્કાર : સાયપ્રસની એક મહિલાને મળવાની માંગણી અપહરણકારે કરી હતી**




નિકોસિયા, તા. ૨૯

ઈજિપ્તના વિમાનને અપહરણ કરીને તેને સાઈપ્રસમાં ઉતારવાની ફરજ પાડનાર અપહરણકારની ધરપકડ કરી લેવામાં આવી છે. આની સાથે જ ઈજિપ્ત વિમાન હાઈજેક ડ્રામાનો અંત આવી ગયો છે. સાયપ્રસ સરકારના પ્રવક્તા નિકોસે વધુ માહિતી આપતા કહ્યં છે કે, અપહરણકારને પકડી પાડવામાં આવ્યો છે. એવું જાણળા મળ્યું છે કે, વિમાનમાંથી એક વ્યક્તિ નિકળી હતી.

આ શખ્સે આતંકવાદ વિરોધી પોલીસ અધિકારીની સામે હાથ ઉંચા કરી દીધા હતા. તેની તપાસ કરવામાં આવ્યા બાદ પોલીસ તેને લઈને જતા રહ્યા હતા. હાઈજેકરે વિસ્ફોટક સામગ્રી બાંધેલી હોવાનો દાવો કર્યો હતો. પોલીસ તેની શરણાગતિના આશરે ૩૦ મિનિટ બાદ સુધી વિમાનમાં પ્રવેશ

● અનુસંધાન પાન-૭ પર

# શરીફની અમેરિકા યાત્રા અંતે રદ



**નરેન્દ્ર મોદીને મળવાની નવાઝ શરીફની આશા પર પાણી : પાકના વડાપ્રધાન શરીફ ન્યુક્લિયર સિક્યુરિટી સમિટમાં ભાગ લેનાર હતા અને બરાક ઓબામાને પણ મળનાર હતા : નવાઝ શરીફના ખાસ દૂત પહોંચશે**

ઈસ્લામાબાદ,તા. ૨૯

લાહોરમાં કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલા બાદ ઉભી થયેલી સ્થિતીને ધ્યાનમાં લઈને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે અમેરિકાની યાત્રા રદ કરી દીધી છે. અમેરિકાના થનાર ન્યુક્લિયર સિક્યુરિટી સમિટમાં ભાગ લેવા માટે નવાઝ શરીફ જનાર હતા. પાકિસ્તાનના લોકોને આપવામાં આવેલા સંદેશમાં કહેવામાં આવ્યુ છે કે યાત્રા રદ કરી દેવામાં આવી છે. શરીફ ૩૧મી માર્ચના દિવસે વોશિંગ્ટનમાં આયોજિત બેઠકમાં અમેરિકાના પ્રમુખ નવાઝ શરીફને પણ મળવાની યોજના ધરાવતા હતા. લાહોરમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ શરીફે પાકિસ્તાનના લોકોના નામ પર સંદેશો જારી કર્યો હતો. શરીફે તેમની યાત્રા રદ કરી દીધા બાદ હવે શરીફના ખાસ સહાયક તેમની જગ્યાએ વોશિંગ્ટન સમિટમાં ભાગ લેવા માટે પહોંચનાર છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના પાટનગર લાહોરમાં ઈસ્ટર ઉત્સવ દરમિયાન થયેલા આત્મઘાતી

● અનુસંધાન પાન-૭ પર




# રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ સહિત ગુજરાતના તમામ ભાગોમાં ગરમીનું પ્રમામ હવે ધીમે ધીમે વધી રહ્યું છે. આજે અમદાવાદમાં પારો ૪૦ની નજીક પહોંચ્યો હતો અને આજે પારો ૩૯.૬ સુધી પહોંચ્યો હતો. જ્યારે બીજી બાજુ વડોદરામાં પારો ૪૦થી ઉપર પહોંચીને ૪૦.૨ ડિગ્રી નોંધાયું હતું. રાજકોટ, સુરેન્દ્રનગર, મહુવા, અમરેલી, ભુજ અને અન્ય કેટલાક ભાગોમાં પારો ૩૯થી ઉપર રહ્યો હતો.



તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિનો દોર યથાવતરીતે જારી રહે તેમ માનવામાં આવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં ગરમીનો અનુભવ વધારે થઈ રહ્યો છે. હાલમાં તાપમાનમાં સતત ફેરફારના કારણે બાળકો અને મોટી વયના લોકો ભારે પરેશાન થયેલા છે. સાથે સાથે રોગચાળાના કેસો વધી ગયા છે. ખાસ કરીને પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. આજે અમદાવાદમાં

**વડોદરામાં પારો ૪૦થી પણ ઉપર પહોંચ્યો : રાજ્યના અનેક ભાગોમાં ગરમીના પ્રમાણમાં વધારો થયો**

વાતાવરણ આંશિકરીતે વાદળછાયુ રહ્યુ હતુ. તાપમાનમાં ફેરફારની સ્થિતિના પરિણામ સ્વરુપે બાળકો ઈન્ફેક્શનના શિકાર થઈ રહ્યા છે. હાલમાં નિષ્ણાત તબીબો બહારની ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરવા સ્પષ્ટ સલાહ આપી રહ્યા છે. હાલમાં જે બિમારી જોવા મળી રહી છે તેમાં પેટના દુખાવાની ફરિયાદ સૌથી વધારે જોવા મળી રહી છે. આના માટે બહારની ચીજવસ્તુઓના ઉપયોગને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. અમદાવાદમાં આંશિક વાદળછાયુ વાતાવરણ હાલમાં જોવા મળી રહ્યું છે.




## સાત નવા જિલ્લાના મુખ્ય મથકે જિલ્લા તિજોરી શરૂ

અમદાવાદ, તા. ૨૯

નાણામંત્રી સૌરભભાઈ પટેલ જણાવ્યું છે કે, ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ સાત જેટલા નવા જિલ્લા મથકોએ જિલ્લા તિજોરી શરૂ કરવામાં આવી છે. ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારાએ પુછેલા પ્રશ્નના જવાબમાં મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં ઘણા જિલ્લાઓમાં પોતાના મકાનમાં, જિલ્લા સેવા સદનોમાં તિજોરી કચેરીઓ કાર્યરત છે. જરૂરીયાત પ્રમાણે વધુ સગવડો ઉભી કરાશે તેમ ઉમેર્યું હતું. આ પ્રશ્નના જવાબમાં સાત જિલ્લાઓમાં પેન્શન મેળવતા કર્મચારીઓ અને જિલ્લા તિજોરીમાં અધિકારીઓની સંખ્યાની વિગતો પુરી પાડી હતી.




